કલાપૂર્ણ સ્વાધ્યાય

૨૦

યોગ સાર સાર્થ

મુનિ અમિતયશ વિ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ

શ્રી પદ્મ જીત હીર કનક દેવેન્દ્ર કંચન

કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

કલાપૂર્ણ સ્વાધ્યાય

૨૦

યોગ સાર અર્થ સહિત

દિવ્યાશિષ દાતા

પ.પૂ. આ. ભ. ગુરૂદેવ શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.

શુભાશિષદાતા

પ. પૂ. આ. ભ.શ્રી કલાપ્રભ સૂ. મ.સા.

સંપાદક

મુનિ અમિતયશ વિ.

વિજય કલાપૂર્ણસૂરિ સાધના સ્મારક ટ્રસ્ટ

પ્રતિષ્ઠા મહોત્સવ :

સંવત ૨૦૬૨ મહા વદ ૬ ને રવિવાર

તા.૧૯-૨-૨૦૦૬

આયોજક : માતુશ્રી પાલઈબેન ગેલાભાઈ

ગાલા પરિવાર

લાકડીયાં - મુંબઈ.

ફોન : ૦૨૭૩૩ - ૨૭૩૧૫૦

મો. નવિનભાઈ ૯૪૨૭૦ ૩૯૭૮૨

પ્રથમ આવૃત્તિ યોગસાર ૨૦૬૦
સહાયક સેવાભાવી પૂ. મુનિ શ્રી, આગમ યશ વિ.મ.

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. ૧૦/-

: પ્રકાશન :

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ મદ્રાસ
શ્રી શંખેશ્વર કલા ભકિત જૈન મંડળ શંખેશ્વર
શ્રી અરિહંત કલા ભકિત જૈન મંડળ, રાપર
શ્રી કલાપૂર્ણ સૂરિ આરાધક મંડળ, વિક્રોલી

પ્રાપ્તિસ્થાન :

- મહાવીર જૈન ઉપકરણ ભંડાર
  યાત્રિક ભવન ધર્મશાળા પાસે, શંખેશ્વર.
- પાર્શ્વનાથ પુસ્તક ભંડાર
  તળેટી રોડ, પાલીતાણા.

આ પુસ્તકનો લાભ લેનાર :

પ.પૂ. અધ્યાત્મયોગી આ. ભ. શ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી કીર્તિચંદ્ર વિ. મ.સા.ની શુભ પ્રેરણાથી આ પુસ્તક સાંચોરસંઘના બહેનોના ઉપાશ્રયના જ્ઞાન ખાતાની રકમમાંથી છપાવવામાં આવેલ છે.

સંવત ૨૦૬૨ મહા વદ ૬
શંખેશ્વર તીર્થ

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાવેલ છે. તેથી ગૃહસ્થોએ જેની કિંમત જ્ઞાનખાતામાં રાખી ઉપયોગ કરવો.

પ્રસ્તાવના

પરમ પૂન્યોદયે મળેલા માનવ જીવનને સફળ બનાવવા માટે જીવનમાં સ્વાધ્યાયની સતત જરૂર છે. જે આત્મા સ્વાધ્યાયમાં જોડાય છે. તે આત્માના આનંદને પામી શકે છે. જ્ઞાનાભ્યાસ એ આપણા માટે પરમ આધાર છે. અજ્ઞાનને દૂર કરવા માટે જ્ઞાનની સતત જરૂર છે. અનેક આત્માઓ સ્વાધ્યાયના યોગને પામીને આત્મ કલ્યાણ કરી રહ્યા છે. તેમ આપણે પણ સ્વાધ્યાયના યોગને મજબૂત બનાવવો જોઈએ. આ પુસ્તકમાં યોગસાર અર્થ સહિત આપવામાં આવેલ છે. માટે અર્થનું રટણ વારંવાર કરતા રહેવું જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. પ્રેસાદિ દોષ સુધારીને વાંચવા વિનંતી.

વિ. સં. ૨૦૬૨ મહા સુદ ૪

શંખેશ્વર મહાતીર્થ મુનિ અમિતયશ વિ.

શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા, દાદા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા, જીવો અનંતા જેહના, સાનિધ્યથી મોક્ષે જતા, તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૧॥

ષટ્ ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા, ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા, ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા, તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૨॥

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે, તે ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે, જયાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા, રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૩॥

જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા, અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા, જે નામથી પુંડરીકગિરિ એમ તિહું જગત બિરદાવતા, પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દુરે થતાં. ॥૪॥

જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા, શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા, જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા, તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૫॥

॥ ગુરૂ સ્તુતિ ॥

જે કચ્છ વાગડ દેશકેરા, પરમ ઉપકારી ખરા, જયાં જયાં પડયા ગુરૂના ચરણ, ત્યાં ત્યાં બની પાવનધરા, અરિહંત પ્રભુ શાસન પ્રભાવક, કાર્યથી પરહિત કરા, કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના ॥૧॥

જે મોક્ષના અભિલાષથી સુવિશુદ્ધ સંયમ ધારતા, ભવભ્રમણના નિર્વેદથી વિષયો કષાયો વારતા, જે રહે પ્રવચન માત શરણે, આતમા સંભાળતા, કલાપૂર્ણ સુરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૨॥

જે બ્રહ્મચર્ય વડે નિજ પરમ પાવન આતમા, શત્રુ પ્રમાદ પછાડતાં બનવા સદા પરમાત્મા, હિતકાર થોડું બોલતાં વૈરાગ્ય ભરતા વાતમાં કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૩॥

જે ગુરૂકૃપાથી આગમોના અર્કને તુરત જ કહે, અમૃત થકી પણ અધિક મીઠી વાણી જિનવરની કહે, આસક્તિ પુદ્ગલની તજીને નિજ સ્વભાવે જે રહે,કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૪॥

જેના હૃદયમાં સંઘ પર વાત્સલ્યનું ઝરણું વહે, શાસન તણી સેવા તણો અભિલાષ અંતરમાં રહે, જસ નામ

મંત્ર પ્રભાવથી સહુ ભાવિકો પાપો દહે, કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૫॥

કટુતા કદીના કોઈથી સહુ જીવ પર મૈત્રી ધરે, બાલક છતાં જયાં ગુણ નિહાળે હર્ષથી હૈયું ભરે, દુઃખી અને પાપી વિષે જસ હૃદયથી કરૂણા ઝરે, કલાપૂર્ણ સુરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૬॥

જે યોગ્ય જીવો જોઈને હિત શિખડી પ્રેરક કહે, સુધરે ન એવા જીવ પર માધ્યસ્થભાવ હૈડે રહે, સદામાન અને અમાનમાં સમભાવની સરિતા વહે, કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૭॥

જે શ્વાસ અને ઉચ્છવાસમાં અરિહંત અંતરમાં ધરે, વાણી સુધાથી ભવિકમાં અરિહંત રસ હૃદયે ભરે, મન મંદિરે અરિહંતે ધ્યાને આતમા નિર્મળ કરે, કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૮॥

પ્રભુ મૂર્તિમાં પ્રભુને નિહાળી જગતને જે ભુલતા, નિજ મધુર કંઠે સ્તવન ગાતા બાળજીમ જે ડોલતા, પ્રભુ ભકિતની મસ્તી વડે નિજ હૃદયને જે ખોલતા, કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના. ॥૯॥

॥ પ્રથમ પ્રસ્તાવ ॥

(શ્લોક : ૪૯)

પ્રણમ્ય પરમાત્માનં રાગદ્વેષવિવર્જિતમ્ ।
યોગસારં પ્રવક્ષ્યામિ ગમ્ભીરાર્થ સમાસતઃ ॥૧॥

અર્થ : ઓ, રાગ અને દ્વેષ નામના બે મૂળભૂત દોષોના વિજેતા દેવાધિદેવ ! આપના ચરણોમાં મારા કોટિ કોટિ વંદન. જે યોગગ્રન્થોનો સાર છે તેને હું અહીં રજુ કરું છું. હા, સંક્ષેપમાં કહીશ, કહેવા માટેના શબ્દો સામાન્ય હશે; પરન્તુ તેનો અર્થ અત્યંન્ત ગંભીર હશે.

યદા ધ્યાયતિ યદ્ યોગી યાતિ તન્મયતાં તદા ।
ધ્યાતવ્યો વીતરાગસ્તદ્ નિત્યમાત્મવિશુદ્ધયે ॥૨॥

અર્થ : જેના મન - વચન - કાયાના યોગો એક માત્ર મોક્ષ સાથે જોડાઈ ગયા છે તે યોગી. બધા બાહ્ય વિકલ્પો - તેના ઉપશાન્ત થયા હોય એટલે જયારે પણ તે યોગી જેનું ધ્યાન ધરે ત્યાં તેમાં તે

તન્મય થઈ જાય. પરમાણુનું ધ્યાન ધરે પરમાણુમાં અને સમયનું ધ્યાન ધરે તો સમયમાં લીન થઈ જાય. તો પછી શા માટે યોગીએ વીતરાગ પરમાત્માનું જ ધ્યાન ધરવું ન જોઈએ ? આત્મામાં પડેલા રાગ-દ્વેષનાં ગાઢ અશુદ્ધ પરિણામો અને કર્મોનાં અનંત જાળાંઓને સર્વથા ખતમ કરી નાખવાનું કામ વીતરાગનું ધ્યાન જ કરી શકે છે. જેને અશુદ્ધિ ખતમ કરવી છે. જેને અશુદ્ધિનો સર્વર્થા મોક્ષ જોઈએ છે તે યોગીએ; હંમેશ તેના અમોઘ સાધનરૂપ વીતરાગ ધ્યાન જ કરવું જોઈએ.

શુદ્ધસ્ફટિકસંકાશો નિષ્કલશ્ચાત્મનાऽऽત્મનિ ।
પરમાત્મેતિ સંજ્ઞાતઃ પ્રદત્તે પરમં પદમ્ ॥૩॥

અર્થ : આ આત્મા પોતે જ પરમાત્મા છે. એ શુદ્ધ સફેદ સ્ફટિક જેવો છે. સાવ નિર્મળ છે. એને કોઈ ઉપાધિ વળગી જ નથી. આવા પ્રકારનું આત્મા અંગે જ્ઞાન જેને પોતાના આત્મા વડે, આત્મામાં થાય તેને પરમાત્માનું પરમ પદ આપે.

કિન્તુ ન જ્ઞાયતે તાવદ્ યાવદ્ માલિન્યમાત્મનઃ।
જાતે સામ્યેન નૈર્મલ્યે સ સ્ફુટઃ પ્રતિભાસતે ॥૪॥

અર્થ : જ્યાં સુધી આત્મામાં દોષમળ, અને કર્મમળ પડેલો છે ત્યાં સુધી આત્મામાં પરમાત્મા દેખાતા નથી. જ્યારે એ મળોનો વિગમ થઈને, તેમાં નિર્મળતાનું આધાન થાય ત્યારે જ આત્મામાં પરમાત્મા દેખાવવા લાગે છે.

તત્વનન્તાનુબન્ધ્યાદિકષાયવિગમક્રમાત્ ।
આત્મનઃ શુદ્ધિકૃત્ સામ્યં શુદ્ધં શુદ્ધતરં ભવેત્ ॥૫॥

અર્થ : અનંતાનુબન્ધી વગેરે ચાર કષાયો-ક્રોધ, માન, માયા, લોભનો જેમ જેમ હ્રાસ થતો જાય તેમ તેમ આત્મામાં પડેલો સામ્ય (સમતા) ગુણ વધુ ને વધુ શુદ્ધ થતો જાય. તે સામ્ય જેમ જેમ શુદ્ધ થતું જાય તેમ તેમ આત્મા વધુ ને વધુ શુદ્ધ થતો જાય. શુદ્ધ સામ્ય દ્વારા મળોનો વિગમ જોરદાર થતાં આત્મા શુદ્ધ, શુદ્ધતર થવા લાગે.

સામ્ય શુદ્ધિક્રમેણૈવ સ વિશુદ્ધ્યતે આત્મનઃ ।
સમ્યક્ત્વાદિગુણેષુ સ્યાત્ સ્ફુટઃ સ્ફુટતરઃ પ્રભુઃ ॥૬॥

અર્થ : આત્મામાં જેમ જેમ દોષવિગમ થતાં સામ્યભાવની વધુ ને વધુ શુદ્ધિ થતી જાય તેમ તેમ તે આત્મા વધુ ને વધુ શુદ્ધ થતો જાય. આમ થતાં તેનામાં રહેલા સમ્યગદર્શન વગેરે ગુણો પ્રગટ થતા જાય. આ ગુણોની અવસ્થિતિમાં આત્મા વધુ ને વધુ સ્પષ્ટ રૂપે પરમાત્મ સ્વરૂપે દેખાવવા લાગે.

સર્વમોહક્ષયાત્ સામ્યે સર્વશુદ્ધે સયોગિનઃ ।
સર્વ શુદ્ધાત્મનસ્ત્વેષ પ્રભુઃ સર્વસ્ફુટીભવેત્ ॥૭॥

અર્થ : મોહનીય કર્મના મળનો જયારે પૂરો ખાતમો બોલાઈ જાય ત્યારે શુદ્ધ બનેલા સામ્યના કારણે સયોગી કેવલી એવા આત્માને પોતાનામાં પરમાત્મા એકદમ સ્પષ્ટ દેખાવવા લાગે છે.

કષાયા અપસર્પન્તિ યાવત્ ક્ષાન્ત્યાદિતાડિતાઃ ।
તાવદાત્મૈવ શુદ્ધોઽયં ભજતે પરમાત્મતામ્ ॥૮॥
અપસર્પન્તિ તે યાવત્ પ્રબલીભૂય દેહિષુ ।
સ તાવન્મલિનીભૂતો જહાતિ પરમાત્મતામ્ ॥૯॥

અર્થ : અનાદિકાલમાં પસાર થયેલા અનંતા ભવો ! જીવે અનંતીવાર એકેકો દોષ-કામ, ક્રોધ, સ્વાર્થ, અહંકાર હિંસા- સેવ્યો, તે વખતે તેના ગાઢ સંસ્કારો પડી ગયા, જેને અનુબંધ કહેવાય છે. ક્રોધ કર્યો અને તેનાથી કર્મબંધ થયો. તે કર્મનો ઉદય થયો. તે વખતે દુઃખ ભોગવ્યું. આ બધું તો ઠીક. પરંતુ ક્રોધ કરતાં ક્રોધનો જે સંસ્કાર આત્મામાં પડી ગયો. તેનાથી ક્રોધનો અનુબંધ તૈયાર થયો. જ્યારે જીવને દુઃખ આવ્યું કે સુખ આવ્યું ત્યારે આ અનુબંધ જાગ્રત થયો. તેણે જીવમાં ક્રોધ - દોષ જીવંત કરી દીધો. આ રીતે વારંવાર દોષો જીવતા થતા રહે અને તેથી નવા નવા કર્મબંધ થતા રહે એટલે સંસારનો અંત આવે શી રીતે ? જેણે સંસારનો અંત લાવી દેવો હોય તેણે સુખ કે દુઃખ દેનારા બંધની ચિન્તા નહિ કરતાં તેમને ક્રમશઃ વિરાગથી અને સમાધિથી ભોગવી લઈને ગુણ કે દોષ ને ઉત્પન્ન કરતાં અનુબંધની ચિન્તા કરવી જોઈએ. પહેલા અશુભ અનુબન્ધોને પાપાનુબન્ધોને ખતમ કરો અને શુભ અનુબન્ધોને

પુણ્યાનુબંધોને તગડા કરો. પાપના અનુબન્ધો તૂટી જશે તો અશુભ બન્ધો બહુ જોર બતાવી શકશે નહિ. પુણ્યના અનુબન્ધો તગડા થઈ જશે તો જીવનમાં ગમે તેવી સ્થિતિમાં ગુણોનો આવિર્ભાવ થતો રહેશે. મોક્ષ પામવા માટે અનુબન્ધની સમજણ મેળવવી જરૂરી છે. જયાં સુધી દોષો જોરમાં રહે છે ત્યાં સુધી આત્મા પોતાના પરમાત્મ સ્વરૂપને વધુ ને વધુ તિરોહિત કરે છે પણ જો ક્ષમાદિ ગુણોનું સેવન કરવા દ્વારા ક્રોધાદિ દોષોને ભગાડી દેવામાં આવે તો આત્મા પોતાના પરમાત્મા સ્વરૂપની વધુ ને વધુ નજીક સરકતો જાય છે. એટલે હવે મુખ્ય વાત એ રહી કે ક્ષમાદિ ગુણોને જીવનમાં વિકસાવવા જોઈએ. આ વિકાસ સ્વતઃ થવો મુશ્કેલ છે. એટલે કોઈ સાચા ગુરૂ પ્રાપ્ત કરીને તેમની સેવા કરવા દ્વારા કૃપા મેળવવી જોઈએ. આ સત્સંગથી જ અધ્યાત્મનું પ્રવેશ દ્વાર ઉઘડે છે. ગુરૂ વિના જ્ઞાન નહિ આ વાત સર્વ શાસ્ત્રોએ સ્વીકારી છે.

કષાયાસ્તન્નિહન્તવ્યાસ્તથા તત્સહચારિણઃ ।
નોકષાયાઃ શિવદ્વારર્ગલીભૂતા મુમુક્ષુભિઃ ॥૧૦॥

અર્થ : ક્રોધાદિ કષાયોને તો ખતમ કરવા જ જોઈએ, પણ તેમના સહચારી એવા નોકષાયો હાસ્યાદિ ને પણ ખતમ કરવા જોઈએ. તેઓ મોક્ષપુરીના પ્રવેશદ્વારે લોખંડી સાંકળ જેવા છે.

હન્તવ્યઃ ક્ષમયા ક્રોધો માનો માર્દવયોગતઃ ।
માયા ચાર્જવભાવેન લોભઃ સંતોષપોષતઃ ॥૧૧॥
હર્ષઃ શોકો જુગુપ્સા ચ ભયં રત્યરતી તથા ।
વેદત્રયં ચ હન્તવ્યં તત્વજ્ઞૈર્દૃઢધૈર્યતઃ ॥૧૨॥

અર્થ : ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા માનને સરળતા દ્વારા માયાને અને સંતોષ દ્વારા આસકિતને ખતમ કરવા જોઈએ. વળી હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સારૂપી છ નોકષાયોને અને પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ રૂપી ત્રણ વેદને દૃઢ-ધૈર્ય રાખીને ખતમ કરવા જોઈએ.

રાગદ્વેષમયેષ્વેષુ હતેષ્વાનતરવૈરિષુ ।
સામ્યે સુનિશ્ચલે યાયાદાત્મૈવ પરમાત્મતામ્ ॥૧૩॥

અર્થ : રાગ અને દ્વેષ સ્વરૂપ આન્તરશત્રુઓ

ખતમ થાય ત્યારે જ સુનિશ્ચલ સામ્યની પ્રાપ્તિ થાય. એમ થતાં જ આત્મા પરમાત્મપણાને પામી જાય.

સ તાવદ્ દેહિનાં ભિન્નઃ સમ્યગ્યાવન્ન લક્ષ્યતે ।
લક્ષિતસ્તુ ભજત્યૈકયં રાગાદ્યજ્જનમાર્જનાત્ ॥૧૪॥

અર્થ : તે પરમાત્મા ત્યાં સુધી જ જીવોને પોતાનાથી ભિન્ન ભાસે છે. જ્યા સુધી તે સાચી રીતે જોવાયા નથી. જ્યારે જીવોના રાગાદિ મળોનો નાશ થાય છે. ત્યારે, તેમને તે પરમાત્મા પોતાની સાથે એકરૂપે જ જોવા મળે છે.

યાદશોડનન્તવીર્યાદિગુણોડતિવિમલઃ પ્રભુઃ ।
તાદશાસ્તેડપિ જાયન્તે કર્મમાલિન્યશોધનાત્ ॥૧૫॥

અર્થ : જેવા અનન્ત વીર્ય, જ્ઞાન, દર્શન અને સુખવાળા પરમાત્મા છે. તેવા જ આપણે જીવો પણ કર્મમળને ખતમ કરીએ તો થઈ શકીએ.

આત્માનો દેહિનો ભિન્નાઃ કર્મપઙ્કકલઙ્કિતાઃ
અદેહઃ કર્મનિર્મુક્તઃ પરમાત્મા ન ભિદ્યતે ॥૧૬॥

અર્થ : સંસારવર્તી જીવો કર્મના કાદવથી

ખરડાયેલા છે માટે જ તેઓ પરસ્પરને ભિન્ન જુએ છે. પરંતુ જો તેઓ કર્મમુકત અને દેહમુકત બની જાય; અથવા તે તમામ જ્ઞાનદશાથી પોતાને કર્મમુકત અને દેહમુકત સ્વરૂપે જુએ તો તે બધા પરમાત્મા સ્વરૂપે એક જ છે.

સંખ્યયાડનેકરૂપોડપિ ગુણતસ્ત્વેક એવ સઃ ।
અનન્તદર્શનજ્ઞાનવીર્યાનન્દ ગુણાત્મકઃ ॥૧૭॥
જાતરૂપં યથા જાત્યં બહુરૂપમપિ સ્થિતમ્ ।
સર્વત્રાપિ તદેવૈકં પરમાત્મા તથા પ્રભુઃ ॥૧૮॥

અર્થ : તે પરમાત્મા સંખ્યાથી પૂછાય તો અનેક કહેવા પડે પરન્તુ ગુણોથી તો એક જ છે. જેમ સોનું અનેક આભુષણોમાં રહેલું હોઈને અનેક કહેવાય તો પણ સુવર્ણ તરીકે તે એક જ છે તેમ.

આકાશવદરુપોડસૌ ચિદ્રૂપો નીરુજઃ શિવઃ ।
સિદ્ધિક્ષેત્રગતોડનન્તો નિત્યઃ શં પરમશ્નુતે ॥૧૯॥

અર્થ : પરમાત્મા આકાશની જેમ અરૂપી છે. રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ વિનાના છે) જ્ઞાન સ્વરૂપી

છે. (જ્ઞાનમય છે.) નિરોગી છે. (દ્રવ્ય, ભાવ કોઈ રોગ તેમને નથી). મંગલ સ્વરૂપ છે. સિદ્ધશિલાની ઉપર રહેલા છે. અનંત અને નિત્ય એવા આનંદને એ સદા અનુભવે છે.

ચેનૈવારાધિતો ભાવાત્ તસ્યાસૌ કુરૂતે શિવમ્ ।
સર્વજન્તુસમસ્યાસ્ય ન પરાત્મવિભાગિતા ॥૨૦॥

અર્થ : પરમાત્માને આ મારો છે; આ પારકો છે એવો ભેદભાવ હોતો નથી. તેમને તો સર્વ જીવો એકસરખા છે. એટલે જે જીવ તેમનું ભાવથી આરાધન કરે છે તેનું તે અવશ્ય કલ્યાણ કરે છે.

કૃતકૃત્યોડયમારાદ્ધઃ સ્યાદાજ્ઞાપાલનાત્ પુનઃ ।
આજ્ઞા તુ નિર્મલં ચિત્તં કર્તવ્યં સ્ફટિકોપમમ્ ॥૨૧॥

જ્ઞાનદર્શનશીલાનિ પોષણીયાનિ સર્વદા ।
રાગદ્વેષાદયો દોષા હન્તવ્યાશ્ચ ક્ષણે ક્ષણે ॥૨૨॥

એતાવત્યેવ તસ્યાજ્ઞા કર્મદ્રુમકુઠારિકા ।
સમસ્તદ્વાદશાંગાર્થ સાર ભૂતાડતિદુર્લભા ॥૨૩॥

અર્થ : કૃતકૃત્ય બનેલા આ પરમાત્માની આરાધના

(પૂજા) કરવી હોય તો તેમની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું જોઈએ. ભગવાનની મુખ્ય એક જ આજ્ઞા છે કે હે જીવ !

(૧) તું તારું ચિત્ત સ્ફટિક જેટલું નિર્મળ રાખ;

(૨) આવી સિદ્ધિ પામવા માટે તું સમ્યગ્ દર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રત્નત્રયીને તારા જીવનમાં આત્મસાત્ કર.

(૩) તે માટે તું તારા રાગાદિ દોષોને પ્રત્યેક પળે ખતમ કરતો રહે.

ભગવાનની આટલી જ આજ્ઞા છે. આજ્ઞા કર્મરૂપી વૃક્ષને જડમૂળથી ઉખેડી નાંખતી કુહાડી છે. સમસ્ત દ્વાદશાંગીનો આ સાર છે. ભવચક્રમાં જીવને ક્વચિત જ આજ્ઞાપાલનની સૌભાગ્યવંતી તક પ્રાપ્ત થતી હોય છે.

વિશ્વસ્ય વત્સલેનાપિ ત્રૈલોક્યપ્રભુણાડપિ ચ ।
સાક્ષાદ્ વિહરમાણેન શ્રીવીરેણ તદા કિલ ॥૨૪॥
ત એવ રક્ષિતા દુઃખભૈરવાદ્ ભવસાગરાત્ ।

ઈચં યૈઃ સ્વીકૃતા ભક્તિનિર્ભરૈરભયાદિભિઃ ॥૨૫॥
યૈસ્તુ પાપભરાક્રાન્તૈઃ કાલશૌરિકાદિભિઃ ।
ન સ્વીકૃતા ભવામ્ભોધૌ તે ભ્રમિષ્યન્તિ દુઃખિતાઃ ॥૨૬॥

અર્થ : જયારે વિશ્વવત્સલ ત્રિલોકનાથ પરમાત્મા મહાવીર દેવ આ ધરતી ઉપર વિચરતા હતા ત્યારે દુઃખોના અસ્તિત્વથી ભયાનક બનેલા આ ભવસાગરમાંથી તે પ્રભુભકત અભયકુમારાદિ જ ઉગરી ગયા જેમણે પરમાત્માની આજ્ઞાને શિરસાવંદ્ય કરી. પુષ્કળ પાપના પોટલાં બાંધી ચૂકેલા કાલસૌરિક કસાઈ વગેરે જે લોકોએ પરમાત્માની આજ્ઞાને સ્વીકારી નહિ તે બિચારાઓ આ ભવસાગરમાં અત્યન્ત દુઃખી થઈને ભટકતા રહેવાના છે.

સર્વજન્તુહિતાઽઽજ્ઞૈવાજ્ઞૈવ મોક્ષૈકપદ્ધતિઃ ।
ચરિતાઽઽજ્ઞૈવ ચારિત્રમાજ્ઞૈવ ભવ ભંજની ॥૨૭॥

અર્થ : આજ્ઞા જ સર્વજીવોનું હિત કરનારી છે. આજ્ઞા જ મોક્ષનો એકમાત્ર માર્ગ છે. આચરણમાં મૂકેલી આજ્ઞા જ ચારિત્ર ધર્મ છે. આજ્ઞા જ ભવભ્રમણને ખતમ કરનારી છે.

ઈયં તુ ધ્યાનયોગેન ભાવસારસ્તુતિસ્તવૈઃ ।
પૂજાદિભિઃ સુચારિત્રચર્યયા પાલિતા ભવેત્ ॥૨૮॥

અર્થ : ભગવંતની આજ્ઞાનું પાલન અનેક રીતે થાય છે. નીચેના ક્રમથી તે તે આજ્ઞાપાલન વધુ ને વધુ ઉચ્ચ પ્રકારનું બને છે.

(૧) વહાલા બનેલા ભગવંતની ભાવપ્રધાન સ્તુતિ કરવી. સ્તવનો બોલવા.

(૨) તેમનું ભાવપૂર્વક અષ્ટપ્રકારી પૂજન કરવું.

(૩) તેમણે બતાડેલા સર્વવિરતિ માર્ગે વિશુદ્ધ રીતે ચાલવું.

(૪) અપ્રમત્તભાવની (સાતમા ગુણસ્થાનની) સ્પર્શના વખતોવખત કરવી.

પરમાત્માની સાથે એકતાન થવાનો સૌથી સરળ ઉપાય તેમના સ્તવન - કીર્તન વગેરે છે. શક્ય હોય તો રાગ સાથે ગાવાથી તે સ્તવનાઓમાં ભાવવિભોર બનાય છે. આના કરતાં ચડિયાતું પરમાત્માનું અષ્ટપ્રકારી પૂજન છે. પૂજનની તે તે પ્રક્ષાલ વગેરે

સ્વરૂપ ક્રિયાઓ કરતા ભાવવૃદ્ધિ સહજ રીતે લાગે છે. એથી ચડિયાતો આરાધનાનો માર્ગ તે રત્નત્રયીનો સ્વીકાર અને તેનું પાલન છે. એ પાલન કરતાં કરતાં જે અપ્રમાદ અવસ્થાની પ્રાપ્તિ થાય તે આરાધનાનો સર્વોત્કુષ્ટ પ્રકાર છે.

આરાધિતોડસ્ત્વસૌ ભાવસ્તવેન વ્રતચર્યયા ।
તસ્ય પૂજાદિના દ્રવ્યસ્તવેન તુ સરાગતા ॥૨૯॥

અર્થ : સર્વવિરતિ ધર્મનો સ્વીકાર એ ભાવસ્તવ છે. તેના વડે પરમાત્માની આરાધના થાય છે અને અષ્ટપ્રકારી પૂજન એ દ્રવ્યસ્તવ છે. તેના વડે પરમાત્માની ભકિત થાય છે.

ચિન્તામણ્યાદિકલ્પસ્ય સ્વયં તસ્ય પ્રભાવતઃ ।
કૃતો દ્રવ્યસ્તવોડપિ સ્યાત્ કલ્યાણાય તદર્થિનામ્ ॥૩૦॥

અર્થ : દ્રવ્યસ્તવ પણ ચિન્તામણિ રત્નસમો છે. તેના પ્રભાવથી મોક્ષાર્થી પૂજકોને મોક્ષ પ્રાપ્ત થાય છે.

સ્વર્ગાપવર્ગદો દ્રવ્યસ્તવોડત્રાપિ સુખાવહઃ ।
હેતુશ્ચિત્તપ્રસત્તેસ્તત્ કર્તવ્યો ગૃહિણા સદા ॥૩૧॥

અર્થ : દ્રવ્યસ્તવ પરલોકમાં સ્વર્ગ-મોક્ષ આપે છે એટલું જ નથી. આ લોકમાં પણ તે આરાધનારને ચિત્તની અફાટ પ્રસન્નતા આપે છે. આથી જ ગૃહસ્થોએ તેનું નિત્ય સેવન કરવું જોઈએ.

ભવેદ્ વિરતિરપ્યસ્ય યથાશકિત પુનર્યદિ ।
તતઃ પ્રક્ષરિતઃ સિંહઃ કર્મનિર્મથનં પ્રતિ ॥૩૨॥

અર્થ : જો દ્રવ્યસ્તવ કરતાં ગૃહસ્થને સર્વવિરતિરૂપ ભાવસ્તવ પણ પ્રાપ્ત થઈ જાય તો તો કમાલ થઈ ગઈ ! તે ગૃહસ્થ કર્મોનો ઘાત કરવા માટે વિફરેલો સિંહ બની જાય.

શ્રાવકો બહુકર્માઽપિ પૂજાદ્યૈઃ શુભભાવતઃ ।
દલયિત્વાઽખિલં કર્મ શિવમાપ્નોતિ સત્વરમ્ ॥૩૩॥

અર્થ : અઢળક અશુભ કર્મો કરવા પડે છે. છતાં દેશ - વિરતિધર શ્રાવક દેવાધિદેવની દ્રવ્યસ્તવરૂપી ભકિતના શુભ ભાવથી સકળ કર્મોને ક્ષય કરીને સત્વર મોક્ષ પામી શકે છે.

યેનાજ્ઞા યાવદારાદ્ધા સ તાવલ્લભતે સુખમ્ ।
યાવદ્ વિરાધિતા યેન તાવદ્ દુઃખં લભેત સઃ ॥૩૪॥

અર્થ : જે જીવે જેટલું આજ્ઞા-પાલન આરાધ્યું તે જીવ તેટલું સુખ પામે. જેટલી તેણે આજ્ઞાને વિરાધી તેટલું તે દુઃખ પામે.

સદાતત્પાલને લીનૈઃ પરમાત્માત્મનાત્મનિ ॥
સમ્યક્ સ જ્ઞાયતે જ્ઞાતો મોક્ષં ચ કુરુતે પ્રભુઃ॥૩૫॥

અર્થ : જે આત્માઓ ભગવાનની આજ્ઞાઓને બરોબર પાળે છે. જેઓ આજ્ઞામૈય બની ગયા છે તેઓ પોતાનામાં પરમાત્માને ખૂબ સારી રીતે નિહાળી શકે છે. આ પરમાત્મદર્શન તે આત્માને મોક્ષ આપે છે.

બુદ્ધો વા યદિ વા વિષ્ણુર્યદ્વા બ્રહ્માથવેશ્વરઃ ।
ઉચ્યતાં સ જિનેન્દ્રો વા નાર્થભેદસ્તથાપિ હિ ॥૩૬॥

અર્થ : તે આત્મા નામથી ગમે તે હોય, બુદ્ધ, વિષ્ણુ, બ્રહ્મા કે ઈશ્વર પરન્તુ તે ભગવાન જિનેશ્વર દેવ જ કહેવાય; કેમ કે શબ્દભેદ હોવા છતાં ત્યાં અર્થભેદ બિલકુલ નથી.

મમૈવ દેવો દેવઃ સ્યાત્ તવ નૈવેતિ કેવલમ્ ।
મત્સરસ્ફૂર્જિતં સર્વમજ્ઞાનાનાં વિજૃમ્ભિતમ્ ॥૩૭॥

અર્થ : મારા જ દેવ તે દેવ છે, તારા દેવ, દેવ નથી જ. આ બધું અજ્ઞાનતાનું તોફાન છે. ઈર્ષ્યાથી નીકળેલું વચન છે.

યથાવસ્થિત વિજ્ઞાતતત્સ્વરૂપાસ્તુ કિં કવચિત્ ।
વિવદન્તે મહાત્માનસ્તત્વવિશ્રાન્તર્દષ્ટયઃ ॥૩૮॥

અર્થ : જેમણે પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ બરોબર જાણ્યું છે; જેમની દષ્ટિ હવે તત્વમાં જ સ્થિર થઈ છે. તેવા મહાત્માઓ શું કયારે ય આ વિષયમાં વિવાદ કરે ખરા ?

સ્વરુપં વીતરાગત્વં પુનસ્તસ્ય ન રાગિતા ।
રાગો યદ્યત તત્રાન્યે દોષા દ્વેષાદયો ધ્રુવમ્ ॥૩૯॥

અર્થ : પરમાત્માનું જે સ્વરૂપ છે તે વીતરાગતા છે. જે પરમાત્મા હોય તે સરાગ હોઈ શકે નહિ. વળી, જેનામાં રાગ હોય તેનામાં દ્વેષ વગેરે દોષો નિશ્ચિતપણે હોય.

તૈર્દોષૈર્દૂષિતો દેવઃ કથં ભવિતુમર્હતિઃ ।
ઈત્થં માધ્યસ્થ્યમાસ્થાય તત્વબુદ્ધયાઽવધાર્યતામ્ ॥૪૦॥

અર્થ : દોષોથી દૂષિત આત્માને પરમાત્મા કહી શકાય નહિ. માધ્યસ્થ્યભાવ ધારણ કરીને આ વાત તત્વબુદ્ધિથી સહુએ વિચારવી જોઈએ.

યદ્વા રાગાદિભર્દોષૈઃ સર્વસંકલેશકારકૈઃ ।
દૂષિતેન શુભેનાઽપિ દેવેનૈવ હિ તેન કિમ્ ॥૪૧॥

અર્થ : સકળ સંકલેશના મુળરૂપ રાગાદિ દોષોથી જેમનો આત્મા દૂષિત બનેલો હોય તે દેવ (અન્ય રીતે) સારા હોય તો પણ તેમને દેવ શી રીતે મનાય ?

વીતરાગં યતો ધ્યાયન્ વીતરાગો ભવેદ્ ભવી ।
ઈલિકા ભ્રમરીભીતા ધ્યાયન્તી ભ્રમરી યથા ॥૪૨॥

અર્થ : વીતરાગ સ્વરૂપનું ધ્યાન ધરતો ભવ્યાત્મા વીતરાગ બને. ભીતિથી ભ્રમરીનું ધ્યાન કરતી ઈયળ ભમરી થાય છે તેમ.

રાગાદિદૂષિતં ધ્યાયન્ રાગાદિવિવશો ભવેત્ ।
કામુકઃ કામિની ધ્યાયન્ યથા કામૈકવિહ્વલઃ ॥૪૩॥

અર્થ : રાગાદિ દોષોથી જે આત્મા દૂષિત છે તેનું જો ધ્યાન ધરાય તો ધ્યાતાને પણ રાગાદિ દોષો જાગૃત થાય. સ્ત્રીનું ધ્યાન કરતાં કામુક માણસ કામવિહ્વલ જ થાય ને ?

રાગાદયસ્તુ પાપ્માનો ભવભ્રમણકારણમ્ ।
ન વિવાદોડત્ર કોડપ્યસ્તિ સર્વથા સર્વસંમતઃ ॥૪૪॥

અર્થ : દુષ્ટ એવા રાગાદિ-દોષોના સેવનથી જ જીવનું અનંત ભવભ્રમણ થાય છે. તે ચાલુ જ રહે છે. આ વાતમાં સર્વ દાર્શનિકોની એકમતી છે. અહીં કોઈ વિવાદ નથી.

વીતરાગમતો ધ્યાયન્ વીતરાગો વિમુચ્યતે ।
રાગાદિમોહિતં ધ્યાયન્ સરાગો બધ્યતે સ્ફુટમ્ ॥૪૫॥

અર્થ : વીતરાગ દેવનું ધ્યાન કરતો આત્મા વીતરાગ બને છે. તે સંસારવાસથી મુકત થાય છે. સરાગનું ધ્યાન કરતો આત્મા સરાગ બને છે. સંસારમાં વધુ ફસાય છે.

ચ એવ વીતરાગઃ સ દેવો નિશ્ચીયતાં તતઃ ।
ભવિનાં ભવદમ્ભોલિઃ સ્વતુલ્યપદવીપ્રદઃ ॥૪૬॥

અર્થ : એટલે હવે એ વાતનો નિશ્ચય કરવો જોઈએ કે જે વીતરાગ છે તે જ દેવ છે. ભવ્યજીવોના સંસારરૂપી પર્વતને ખતમ કરતા વજ્ર સમા છે. પોતાના જેવી જ પદવીના દાતા છે.

દ્વિતીય પ્રસ્તાવ

સર્વેઽપિ સામ્પ્રતં લોકાઃ
પ્રાયસ્તત્વપરાઙ્મુખાઃ ।
ક્લિશ્યન્તે સ્વાગ્રહગ્રસ્તા દષ્ટિરાગેણ મોહિતાઃ ॥૪૭॥

અર્થ : વર્તમાનકાળમાં લગભગ બધા જીવો તત્વથી પરાઙ્મુખ બનેલા છે. દષ્ટિરાગથી ગાંડા બનેલા કદાગ્રહથી પીડિત તે લોકો ખૂબ સંકલેશમાં રહે છે.

દષ્ટિરાગો મહામોહો દષ્ટિરાગો મહાભવઃ ।
દષ્ટિરાગો મહામારો દષ્ટિરાગો મહાજ્વરઃ ॥૪૮॥

અર્થ : દષ્ટિરાગ એ ભયંકર અજ્ઞાન છે. તે સંસારભ્રમણનું અમોઘ કારણ છે. એ ભયંકર યમરાજ છે. એ ભયંકર કોટિનો જવર છે.

પતિતવ્યં જનૈઃ સર્વૈઃ પ્રાયઃ કાલાનુભાવતઃ ।
પાપો મત્સરહેતુસ્તદ્ નિર્મિતોઽસૌ સતામપિ ॥૪૯॥

અર્થ : કાળનો જ કોઈ એવો પ્રભાવ છે કે તેનાથી સર્વ જીવોના પતનની શકયતા ઘણી વધુ છે. આથી જ સજ્જનો પણ દષ્ટિરાગનો ભોગ બને છે. અને તેથી બીજાઓ પ્રત્યે ઈર્ષ્યા - નિંદા કરે છે.

મોહોપહતચિત્તાસ્તે મૈત્ર્યાદિભિરસંસ્કૃતાઃ ।
સ્વયં નષ્ટા જનં મુગ્ધં નાશયન્તિ ધિગ્ હહા ॥૫૦॥

અર્થ : દષ્ટિરાગરૂપ કદાગ્રહથી જે લોકોનું ચિત્ત અત્યન્ત કલુષિત થયું છે; જેમના ચિત્તમાં મૈત્રી આદિ ભાવનાઓનો કોઈ સંસ્કાર નથી તેઓ સ્વયં સંસારમાં રખડી પડેલા છે. પણ બીજાઓને ય રખડાવી મારે છે. ધિક્કાર છે, તેવા લોકોને.

પરે હિતમતિર્મૈત્રી, મુદિતા ગુણમોદનમ્ ।
ઉપેક્ષા દોષમાધ્યસ્થ્યં, કરુણા દુઃખમોક્ષધીઃ ॥૫૧॥

અર્થ : પોતાનાથી બીજા એટલે સર્વ જીવોનું હિત થાય તેવી ભાવના એ મૈત્રી ભાવના છે. જે જીવોમાં કોઈ ને કોઈ શકિતની, લબ્ધિની, પુણ્યાઈની કે સમજણ વગેરેની વિશેષતા પડી છે. તે જોઈને આનંદ પામવો તે મુદિતા (પ્રમોદ) ભાવના છે. અન્ય દુઃખી જીવોને જોઈ દુઃખી થઈ જવું એ કરૂણાભાવના છે. અન્ય પાપી જીવોને જોઈને તેમની ઉપેક્ષા કરવીતે માધ્યસ્થ્ય ભાવના છે.

મૈત્રી નિખિલસત્વેષુ પ્રમોદો ગુણશાલિષુ ।
માધ્યસ્થ્યમવિનેયેષુ કરૂણા દુઃખદેહિષુ ॥પર॥
ધર્મકલ્પદ્રુમસ્યૈતા મૂલં મૈત્ર્યાદિભાવનાઃ ।
યૈર્ન જ્ઞાતા ન ચાભ્યસ્તાઃ સ તેષામત્તિદુર્લભઃ ॥પ૩॥

અર્થ : સર્વજીવો પ્રત્યે મૈત્રી, ગુણીજનો પ્રત્યે પ્રમોદ, દુઃખિતો પ્રત્યે કરૂણા અને ઉદ્ધતાઈ વગેરે દોષવાળા જીવો પ્રત્યે માધ્યસ્થ્ય ભાવના રાખવી જોઈએ. ધર્મરૂપી કલ્પવૃક્ષનું આ ભાવનાઓ મૂળ છે. જેમણે તેને જાણી નથી, કે જીવનમાં ઉતારી નથી તેમને ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ બની રહે છે.

અહો વિચિત્રં મોહાન્ધ્યં, તદન્ધૈરિહ યજ્જનૈઃ ।
દોષા અસન્તોઽપીક્ષ્યન્તે પરે સન્તોઽપિ નાત્મનિ ॥૫૪॥

અર્થ : અરે, મોહદશાનો આ અન્ધાપો કેવો છે કે તેવા માણસો બીજાઓમાં ન હોય તેવા દોષોને જુએ છે. અને પોતાનામાં રહેલા દોષોને જોતા નથી.

મદીયં દર્શનં મુખ્યં પાખણ્ડાન્યપરાણિ તુ ।
મદીય આગમઃ સારઃ પરકીયાસ્ત્વસારકાઃ ॥૫૫॥
તાત્વિકા વયમેવાન્યે ભ્રાન્તાઃ સર્વેઽપ્યતાત્વિકાઃ ।
ઈતિ મત્સરિણો દૂરોત્સારિતાસ્તત્વસારતઃ ॥૫૬॥

અર્થ : મારું જ દર્શન (મત) શ્રેષ્ઠ છે, અને બીજાના દર્શનો પાખંડ છે. મારું જ શાસ્ત્ર સારભુત છે અને બીજાના શાસ્ત્રો અસાર છે. અમે જ તત્વવેત્તા છીએ બીજા તમામ બોધાઓ છે, તત્વના અજાણ છે એવું માનનારા લોકો બીજા મતો પ્રત્યેની ઈર્ષ્યાથી ઉભરાયેલા છે અને તત્વના સારથી કયાંય દૂર પડેલા છે.

યથાઽઽહતાનિ ભાણ્ડાનિ વિનશ્યન્તિ પરસ્પરં ।
તથા મત્સરિણોઽન્યોન્યં હિ દોષગ્રહણાદ્ હતાઃ ॥૫૭॥

અર્થ : પરસ્પર અથડાઈને જેમ માટીના ઘડા ફૂટી જાય છે તેમ દષ્ટિરાગી ઈર્ષ્યાળુ જીવો એકબીજાના દોષોને ભાંડીને નબળા પડી જાય છે.

પરંપતન્તં પશ્યન્તિ ન તુ સ્વં મોહમોહિતાઃ ।
કુર્વન્તઃ પરદોષાણાં ગ્રહણં ભવકારણમ્ ॥૫૮॥

અર્થ : મોહદશાથી અન્ધ બનેલા જીવો બીજાને દોષોથી બરબાદ થતો જોઈ શકે છે. પણ પોતાની તેવી બરબાદીને જોતો નથી. બીજાના દોષોને જોવામાં એ બિચારો સંસાર ભ્રમણ વધારી મૂકે છે.

યથા પરસ્ય પશ્યન્તિ દોષાન્ યદ્યાત્મનસ્તથા ।
સૈવાજરામરત્વાય રસસિદ્ધિસ્તદા નૃણામ્ ॥૫૯॥

અર્થ : જે રીતે જીવ બીજાના દોષોને જુએ છે તે રીતે જો તે પોતાના દોષો જુએ તો ઘણા બધા જીવોને મોક્ષપદ પામવા માટેની તે દષ્ટિ રસસિદ્ધિ બની જાય.

રાગદ્વેષવિનાભૂતં સામ્યં તત્વં યદુચ્યતે ।
સ્વશંસિનાં ક્વ તત્ તેષાં પરદૂષણદાયિનામ્ ॥૬૦॥

અર્થ : રાગદ્વેષના અભાવમાં જે સમત્વ પ્રગટ

અર્થ : કાળના પ્રભાવથી પ્રાયઃ લોકો સદાચાર સંપન્ન નથી. તેમની ભવસ્થિતિ જ તેવી છે. તેમ વિચારીને તેમના પ્રત્યે દ્વેષ કરવો નહિ.

નિઃસંગો નિર્મમઃ શાન્તો નિરીહઃ સંયમે રતઃ ।
યદા યોગી ભવે દન્તસ્તત્વમુદ્ ભાસતે તદા ॥૧૧૩॥

અર્થ : જયારે સાધુ સંગરહિત બને, શાન્ત બને, ઈચ્છારહિત બને અને સંયમમાં લીન બને ત્યારે તે યોગી બને છે. તેવા યોગીને અંતરંગ તત્વનો ભાસ થવા લાગે છે.

સદ્વૃક્ષં પ્રાપ્ય નિર્વાતિ રવિતપ્તો યથાઽધ્વગઃ ।
મોક્ષાધ્વસ્થસ્તપસ્તથા યોગી પરં લયમ્ ॥૧૧૪॥

અર્થ : જે સૂર્યના તાપથી ત્રાસેલો મુસાફર ઘેઘુર વૃક્ષ પામીને વિશ્રાન્તિ લે છે, તેમ મોક્ષમાર્ગમાં રહેલો અને તાપથી તપેલો યોગી શ્રેષ્ઠ સમતા પ્રાપ્ત કરીને હાશકારો પામે છે.

ઈતિ સામ્યતનુત્રાણત્રાતચારિત્રવિગ્રહઃ ।
મોહસ્ય ધ્વજિનીં ધીરો વિધ્વંસયતિ લીલયા ॥૧૧૫॥

અર્થ : આ રીતે સમભાવનું બખ્તર પહેરીને જેણે પોતાનાં ચારિત્ર ધર્મરૂપી દેહને સુરક્ષિત કરી દીધો છે તે ધીર મહાત્મા રમતમાં મોહરાજની સેના ઉપર વિજય પ્રાપ્ત કરે છે.

ચતુર્થ પ્રસ્તાવ

(શ્લોક : ૪૨)

ત્યક્ત્વારજસ્તમોભાવૌ સત્વે ચિત્તં સ્થિરીકુરુ ।
ન હિ ધર્માધિકારોઽસ્તિ હીનસત્વસ્ય દેહિનઃ ॥૧૧૬॥

અર્થ : હે જીવ ! તું રજોભાવ અને તમોભાવને દૂર કરીને તારા ચિત્તને સત્વભાવમાં સ્થિર કર. જેની પાસે સત્વ નથી તેવા જીવને ધર્મના ક્ષેત્રમાં પ્રવેશવાનો કોઈ અધિકાર નથી.

હીનસત્વો યતો જન્તુબાધિતો વિષયાદિભિઃ ।
બાઢં પતતિ સંસારે સ્વપ્રજ્ઞાવિલોપનાત્ ॥૧૧૭॥

અર્થ : સત્વહીન સાધુ વિષય -વાસનાદિથી પીડાય છે. તેથી પોતે લીધેલી પ્રતિજ્ઞાઓનો ભંગ કરે છે. પરિણામે ભયાનક સંસારમાં પટકાય છે.

સાવદ્યં સકલં યોગં પ્રત્યાખ્યાયાન્યસાક્ષિકમ્ ।
વિસ્મૃતાત્મા પુનઃ કલીબઃ સેવતે ધૈર્યવર્જિતઃ ॥૧૧૮॥

અર્થ : સત્વહીન કાયર જીવ બીજાની સાક્ષીએ સઘળા સાવધયોગોની પ્રતિજ્ઞા કર્યા પછી પણ તે ભૂલીને ફરી સાવધયોગોનું સેવન કરવા લાગે છે !!!

તાવદ્ગુરૂવચઃ શાસ્ત્રં તાવત્ તાવચ્ચ ભાવનાઃ ।
કષાયવિષયૈર્યાવદ્ ન મનસ્તરલીભવેત્ ॥૧૧૯॥

અર્થ : જયાં સુધી મન, વિષયવાસનાથી કે કષાયોની પરિણતિથી ચલિત ન થાય ત્યાં સુધી જ ગુરૂ વચન માન્ય રહે છે, અને શાસ્ત્રજ્ઞાઓ તથા શુભ ભાવનાઓમાં મન રમ્યા કરે છે.

કષાયવિષયગ્રામે ધાવન્તમતિદુર્જયમ્ ।
યઃ સ્વયમેવ જયત્યેકં સ વીરતિલકઃ કુતઃ ॥૧૨૦॥

અર્થ : વિષયો અને કષાયો જીતી ન શકાય તેવા દુર્જય છે, તે તરફ જીવ દોડી રહ્યો છે. જો કોઈ જીવ તેમની ઉપર વિજય મેળવી લે તો વિજયી વીર લોકોમાં તે તિલક સમાન શ્રેષ્ઠ વીર છે.

ધીરાણામપિ વૈદ્યુર્યકરે રૌદ્રપરીષહેઃ ।
સ્પૃષ્ટઃ સન્કોડપિ વીરેન્દ્રઃ સંમુખો યદિ ધાવતિ ॥૧૨૧॥

અર્થ : ધીર પુરુષોને પણ અધીર કરી બેસે ચલિત કરી નાંખે તેવા ભયાનક ઉપસર્ગો ભટકાઈ જાય ત્યારે તેમને બાથમાં લેવાની હિંમત કરે એ તો વીર નથી વીરોનો ય વીર છે.

ઉપસર્ગે સુધીરત્વં સુભીરુત્વમસંયમે ।
લોકાતિંગં હ્રયમિદં મુનેઃ સ્યાદ્ યદિ કસ્યચિત્ ॥૧૧૨॥

અર્થ : ઉપસર્ગોમાં પુષ્કળ ધીરતા અને અસંયમના આચરણમાં ખુબ ડરપોકપણું આ બે લોકાત્તર વસ્તુઓ તો કોક મુનિમાં જ હોઈ શકે.

દુસ્સહા વિંષયાસ્તાવત્ કષાયા અતિદુસ્સહાઃ ।
પરીષહોપસર્ગાશ્ચાધિકદુસ્સહદુસ્સહાઃ ॥૧૨૩॥

અર્થ : વિષયો દુ:સહ છે પણ કષાયો તો અતિ દુ:સહ છે, અને પરીષહો તથા ઉપસર્ગો તો એથી ય વધુ - અતિ - દુસ્સહ છે.

જગત્રયૈકમલ્લશ્ચ કામઃ કેન વિજીયતે ।
મુનિવીરં વિના કશ્ચિચ્ચિત્તનિગ્રહકારણમ્ ॥૧૨૪॥

અર્થ : ત્રણ જગતમાં જે અદ્વિતીય કક્ષાનો મલ્લ ગણાય તે કામરાજ કોનાથી જીતી શકાય ? હા, ચિત્તનો નિગ્રહ કરનાર કોઈ વીર મુનિ જ તેને જીતી શકે.

મુનયોઽપિ યતસ્તેન વિવશીકૃતચેતસઃ ।
ઘોરે ભવાન્ધકૂપેઽસ્મિન્પતિત્વા યાન્ત્યધરસ્તલમ્ ॥૧૨૫॥

અર્થ : કામસંજ્ઞાથી જેમનું ચિત્ત હણાઈ જાય છે તે મુનિઓ આ ભયાનક સંસારરૂપી કૂવામાં પડીને ઠેઠ તળિયે પહોંચી જાય છે.

તાવદ્ ધૈર્ય મહત્વં ચ તાવદ્ તાવદ્ વિવેકિતા ।
કટાક્ષવિશિખાન્ યાવદ્‌ન ક્ષિપન્તિ મૃગેક્ષણાઃ ॥૧૨૬॥

અર્થ : જયાં સુધી સ્ત્રી કટાક્ષ - બાણો ફેંકતી નથી ત્યાં સુધી જ પુરુષમાં ધૈર્ય, મહત્તા કે વિવેક રહે છે.

ગૃહં ચ ગૃહવાર્તા ચ,રાજ્યં રાજ્યશ્રિયોઽપિ ચ ।
સમર્પ્ય સકલં સ્ત્રીણાં ચેષ્ટન્તે દાસવજ્જનાઃ ॥૧૨૭॥

અર્થ : ઘર, ઘરની વાત, રાજય અને રાજલક્ષ્મી બધું સ્ત્રીને હસ્તક કરીને લોકો તેના દાસની જેમ વર્તે

છે.

સા મિત્રં સૈવ મન્ત્રી ચ સા બન્ધુઃ સૈવ જીવિતમ્
સા દેવઃ સા ગુરૂશ્ચૈવ સા તત્વં સ્વામિની ચ સા ॥૧૨૮॥
રાત્રૌ દિવા ચ સા, સા, સા, સર્વ સર્વત્ર સેવ હિ
એવં સ્ત્ર્યાસક્તચિત્તાનાં ક્વ ધર્મકરણે રતિઃ ॥૧૨૯॥

અર્થ : સ્ત્રી એ જ મિત્ર, તે જ મન્ત્રી, તે જ બન્ધુ તે જ જીવન. તે જ દેવ, તે જ ગુરૂ, તે જ તત્વ અને તે જ સ્વામીની, રાતે ને દિવસે, સર્વ ઠેકાણે જે કાંઈ છે, તે તે અને તે જ. આ પ્રમાણે સ્ત્રીમાં જ આસક્ત - ચિત્તવાળા પ્રાણીઓને ધર્મ કરવામાં આનંદ ક્યાંથી હોય ?

સ્ત્રીસમુદ્રેઽત્ર ગમ્ભીરે નિમગ્નમખિલં જગત્ ।
ઉન્મજ્જતિ મહાત્માઽસ્માદ્ યદિ કોઽપિ કથન્ચન ॥૧૩૦॥

અર્થ : ખૂબ ઉંડાણ ધરાવતા આ સ્ત્રી રૂપી સમુદ્રમાં આખું જગત ડૂબી ગયેલું છે. કોઈક મહાત્મા જ આમાંથી કોઈપણ રીતે બહાર નીકળે તો નસીબદાર.

દૂરે દૂરતરે વાડસ્તુ ખડ્ગધારોપમં વ્રતમ્ ।
હીનસત્વસ્યહી ચિન્તા સ્વોદરસ્યાપિ પૂરણે ॥૧૩૧॥

અર્થ : સત્વહીન સાધુને તલવારની ધાર ઉપર ચાલવા જેવું મહાવ્રતપાલન તો શું થવાનું છે ? એને તો પોતાનું પેટ ભરવાની જ ચિન્તા રહેતી હોય છે.

યત્ તદર્થં ગૃહસ્થાનાં બહુચાટુશતાનિ સઃ ।
બહુધા ચ કરોત્યુચ્ચૈઃ શ્વેવ દૈન્યં પ્રદર્શયન્ ॥૧૩૨॥

અર્થ : કેમ કે તે પોતાનો નિર્વાહ કરવા માટે કૂતરાની જેમ દીનતા દર્શાવતો (પૂંછડી પટપટાવતો) સેંકડો જાતની ખુશામત કરે છે.

ત્વમાર્યા ત્વં ચ માતા મે ત્વં સ્વસા ત્વં પિતુઃશ્વસા ।
ઈત્યાદિજ્ઞાતિસમ્બન્ધાન્ કુરુતે દૈન્યમાશ્રિતઃ ॥૧૩૩॥

અર્થ : દીન બનેલો સાધુ લવારો કરે છે, ઓહ, તું તો મારી સાસુ થાય. અરે, તું તો મારી મા, તું મારી બહેન, તું મારી ફોઈ, બિચારો, આ રીતે કુટુંબના સંબંધોને યાદ કરે છે.

અહં ત્વદીયપુત્રોઽસ્મિ કવલૈસ્તવ વર્ધિતઃ ।
તવ ભાગહરશ્ચૈવ જીવકસ્તે તવેહકઃ ॥૧૩૪॥
એવમાદીનિ દૈન્યાનિ કલીબઃ પ્રતિજનં મુહુઃ ।
કુરુતે નૈકશસ્તાનિ કઃ પ્રકાશયિતું ક્ષમઃ ॥૧૩૫॥

અર્થ : હું તારો દીકરો છું. તે જ આપેલા ભોજનથી મોટો થયો છું. હું તમારો ધંધાકીય ભાગીદાર છું. હું તમારો સંસારીપણાનો નોકર છું. હું તમારો ચાહક છું. આ રીતે તે કાયર પુરૂષ પ્રત્યેક મનુષ્ય પાસે વારંવાર અનેક પ્રકારની દીનતાઓને જે રીતે કરે છે તેને ખુશી કરવા માટે શબ્દોનું સામર્થ્ય નથી.

આગમે યોગિનાં યા તુ સૈંહી વૃત્તિઃ પ્રદર્શિતા ।
તસ્યાસ્ત્રસ્યતિ નામ્નાપિકા કથાઽચરણે પુનઃ ॥૧૩૬॥

અર્થ : આગમશાસ્ત્રમાં સાધુઓને સિંહ જેવી (અદીન) વૃત્તિ રાખવાનું જણાવાયું છે, તેનું તો વર્ણન સાંભળીને જ આ (શિથીલ) સાધુ ધ્રૂજવા લાગે છે તો તેનું આચારણ કરવાની તો વાત જ કયાં રહી ?

કિન્તુ સાતૈકલિપ્સુઃ સ વસ્ત્રાહારાદિમૂર્ચ્છયા ।
કુર્વાણો મન્ત્રતન્ત્રાદિ ગૃહવ્યાપ્તિં ચ ગેહિનામ્ ॥૧૩૭॥

કથયંશ્ચ નિમિત્તાદ્યં લાભાલાભં શુભાશુભમ્ ।
કોટિં કાકિણિમાત્રેણ હાસ્યેત્ સ્વં વ્રતં ત્યજન્ ॥૧૩૮॥

અર્થ : પરંતુ તે ભૌતિક સુખની જ અભિલાષાવાળો બનીને વસ્ત્ર, આહાર આદિની આસકિતને પોષવા માટે દોરા, ધાગા કરે છે. ગૃહસ્થોના ઘર સંબંધિત ચિન્તા કરે છે. નિમિત્ત વગેરેને તથા લાભ - હાનિ, શુભાશુભ વગેરેને કહે છે. આમ, પોતાના વ્રતનો ત્યાગ કરતો તે એક નયા પૈસા માટે કરોડ રૂપિયા ખોઈ બેસે છે !

ચારિત્રૈશ્વર્યસંપન્નં પુણ્યાપ્રાગભાર ભાજનમ્ ।
મૂઢબુદ્ધિર્ન વેત્તિ સ્વં ત્રૈલોક્યોપરિવર્ત્તિનમ્ ॥૧૩૯॥
તતશ્ચ ભિક્ષુકપ્રાયં મન્યમાનો વિપર્યયાત્ ।
ભાવનિઃ સ્વધનેશાનાં લલનાનિ કરોત્યસૌ ॥૧૪૦॥

અર્થ : બિચારો મૂઢબુદ્ધિ ! એટલું ય સમજતો નથી કે પોતે ચારિત્રસંપન્ન છે; મહાન પુણ્યનો સ્વામિ છે અને ત્રણેય લોકના જીવોથી ઘણી ઉંચી કક્ષાએ બેઠેલો છે ! વળી, બુદ્ધિ ઉંધી થતાં પોતાને ભિખારી

જેવો માનતો એ સાધુ ભાવરૂપી ધન વિનાના ધનવાનોની ખુશામત કરતો રહે છે.

પ્રશાન્તસ્ય નિરીહસ્ય સદાનન્દસ્ય યોગિનઃ ।
ઈન્દ્રાદયોડપિ તે રન્કપ્રાયાઃ સ્યુઃ કિમુતાપરાઃ ॥૧૪૧॥

અર્થ : જેની આંતરવૃત્તિઓ શાન્ત થઈ છે, જેને કોઈ સ્પૃહા નથી અને જે સદા આનંદમાં મગ્ન છે તેવા યોગી આગળ ઈન્દ્ર વગેરે પણ રંક જેવા છે તો બીજાઓની તો શી વાત કરવી ?

કિં વિભુત્વેન કિં. ભોગૈઃ કિં સૌન્દર્યેણ કિં શ્રિયા॥
કિં જીવિતેન જીવાનાં દુઃખં ચેત્ પ્રગુણં પુરઃ ॥૧૪૨॥

અર્થ : જો આગળ ઉપર દુઃખો તૂટી જ પડવાના હોય તો સત્તા, ભોગો, લક્ષ્મી કે જીવનને માણવાનો અર્થ જ શું છે ?

નાર્થ્યતે યાવદૈશ્વર્ય તાવદાયાતિ સમ્મુખમ્ ।
યાવદભ્યર્થ્યતે તાવત્ પુનર્યાતિ પરાડમુખમ્ ॥૧૪૩॥
અધૈર્યાદવિચાર્યે દમિચ્છાવ્યાકુલમાનસઃ ।
હા હા હેતિ તદર્થં સ ધાવન્ ધાવન્ ન ખિદ્યતે ॥૧૪૪॥

અર્થ : જયાં સુધી ઐશ્વર્યની ઈચ્છા હોતી નથી. ત્યાં સુધી તે ઐશ્વર્ય સામેથી આવીને પડે છે અને જયારે તેની ઈચ્છા થાય છે ત્યારે તે દૂર ભાગતું હોય છે. બિચારો જીવ, અધીરતાના કારણે આ વાતનો વિચાર કર્યા વિના માત્ર ઈચ્છા જાગતા વ્યાકુળ બનેલો તે વસ્તુ માટે દોડાદોડ કરતાં (જરાય) થાકતો નથી.

સ્થિરો ધીરસ્તુ ગમ્ભીરઃ સંપસ્તુ ચ વિપત્સુ ચ ।
બાધ્યતે ન ચ હર્ષેણ વિષાદેન ન ચ કવિચત ॥૧૪૫॥

અર્થ : જે આત્મા સ્થિરતાવાળો છે, ધીર અને ગંભીર છે, તે આત્મા સારી સ્થિતિમાં હર્ષઘેલો થતો નથી કે આફતના સમયમાં વિષાદથી ઘેરાતો નથી.

યે સિદ્ધા, યે ચ સેત્સ્યન્તિ સર્વે સત્વે પ્રતિષ્ઠિતાઃ ।
સત્વં વિના હિ સિદ્ધિર્ન પ્રોકતા કુત્રાપિ શાસને ॥૧૪૬॥

અર્થ : જે આત્માઓ ભૂતકાળમાં સિદ્ધપદને પામ્યા છે અને ભવિષ્યમાં સિદ્ધિપદ પામવાના છે તે બધા સત્વભાવમાં સ્થિર હતા. સત્ય વિના સિદ્ધિ ? અસંભવ. કોઈપણ ધર્મમાં આથી વિરૂદ્ધ વાત જોવા મળતી નથી.

એવમેવ સુખેનૈવ સિદ્ધ્યન્તિ યદિ કૌલિકાઃ ।
તદ્ગૃહસ્થાદયોડપ્યતે કિંન સિદ્ધ્યન્તિ કથ્યાતામ્ ॥૧૪૭॥

અર્થ : જો કશાય સત્વ વિના - સાવ સહેલાઈથી વામમાર્ગીઓ મોક્ષ પ્રાપ્ત કરી શકે તેમ હોય તો ગૃહસ્થો પણ કેમ મોક્ષ ન પામે ? તે કહો.

સુખાલિણોડત્યર્થ, ગ્રસ્તા ઋધ્ધ્યાદિગાસ્વૈઃ ।
પ્રવાહવાહિનો હ્યત્ર દશ્યન્તે સર્વજન્તવઃ ॥૧૪૮॥

અર્થ : જે ભોગસુખના અત્યન્ત ઈચ્છુક છે તે જીવો ઋદ્ધિ, રસ અને શાતાના ગારવથી ગ્રસ્ત હોય છે એટલે જ બીજા જીવોની પાછળ તેઓ તણાતા રહેતા હોય છે.

એવમેવ સુખેનૈવ સિદ્ધિર્યદિ ચ મન્યતે ।
તત્પ્રાપ્તૌ સર્વજન્તૂનાં તદા રિક્તો ભવેદ્ભવઃ ॥૧૪૯॥

અર્થ : જો ભોગસુખો ભોગવતાં જ જીવનો મોક્ષ થઈ શકે છે એવું માનવામાં આવે તો સંસારના તમામ જીવોને મોક્ષ પ્રાપ્ત થઈ જાય. આમ થતાં સંસાર જીવશૂન્ય બની જાય.

લોકેડપિ સાત્વિકેનૈવ જીયતે પરવાહિની ।
ઉદ્ધૂલિકોડપિ નાન્યેષાં દશ્યતેડહ્યાય નશ્યતામ્ ॥૧૫૦॥

અર્થ : દુનિયામાં સાત્વિક માણસો જ દુશ્મનની સેનાને જીતી શકતા હોય છે. સત્વહીન માણસો તો (શત્રુથી ગભરાઈને) ભાગવા લાગે છે. એવાઓમાં કોઈ દોડવીર (ઉદ્ધૂલિક) જોરમાં દોડતા હોય તો તેય (સત્વહીન) લોકનજરે દેખાતો નથી.

લોકાત્તરાન્તરન્ગસ્ય મોહસૈન્યસ્ય તં વિના ।
સંમુખં નાપરૈઃ સ્થાતું શક્યતે નાત્ર કૌતુકમ્ ॥૧૫૧॥

અર્થ : સત્વ વિના લોકોત્તર કક્ષાનું જે અન્તરન્ગ મોહસૈન્ય છે તેની સામે ઉભા રહેવું પણ શકય નથી. આમાં જરાય આશ્ચર્ય પામવું નહિ.

સર્વમજ્ઞસ્ય દીનસ્ય દુષ્કરં પ્રતિભાસતે ।
સત્વૈકવૃત્તિવીરસ્ય જ્ઞાનિનઃ સુકરં પુનઃ ॥૧૫૨॥

અર્થ : અજ્ઞાની એવા દીન આત્માઓને બધું મુશ્કેલ લાગતું હોય છે. સત્વ એ જ જેનું જીવન છે તેવા વીર જ્ઞાની પુરૂષોને બધું સહેલું લાગતું હોય છે.

દ્વિત્રાસ્ત્રિચતુરા વાપિ યદિ સર્વજગત્યપિ ।
પ્રાપ્યન્તેધૈર્યગામ્ભીર્યોદાર્યાદિગુણશાલિનઃ ॥૧૫૩॥

અર્થ : આખા જગતમાં જો ધીરતા, ગંભીરતા અને ઉદારતા આદિ ગુણોથી શોભતા માણસો મળે તો તે માંડ બે - ત્રણ મળે અથવા ત્રણ ચાર મળે.

બાહુલ્યેન તદાભાસમાત્રા અપિ કલૌ કૃતઃ ।
બુસપ્રાયૈસ્તુ લોકોડયં પૂરિતો ભવપૂરકૈઃ ॥૧૫૪॥

અર્થ : પૂર્વ શ્લોકમાં જે ગુણો કહ્યા તે ગુણોવાળા તો માણસો પ્રાયઃ ન મળે પણ તે ગુણોનો બાહ્ય આભાસ લાગતા માણસો પણ આ કલિકાલમાં મોટા પ્રમાણમાં મળી શકે તેમ નથી. કેમ કે આ વિશ્વ તો પોતાને મળેલો ભવ પૂરો કરી દેવા માટે શ્વાસ લેનારા સત્વહીન જીવોથી ભરેલું છે. જાણે કે ભૂંસું ભરેલા ચાડિયાઓથી જગત ભરેલું છે.

માનુષ્યં દુર્લભં લબ્ધ્વા યે ન લોકોત્તરં ફલમ્ ।
ગૃહ્ણન્તિ સુખમાયત્યાં પશવસ્તે નરા અપિ ॥૧૫૫॥

અર્થ :. જેઓ દુર્લભ માનવભવ પામીને,

ભવિષ્યમાં સુખ દેનારા લોકોત્તર ફળને ગ્રહણ કરતા નથી તે મનુષ્ય હોવા છતાં પણ પશુ છે.

તત્પુનર્મોક્ષદો ધર્મઃ શીલાન્ગવહનાત્મકઃ ।
પ્રતિસ્ત્રોતઃ પ્લવાત્ સાધ્યઃ સત્વસારૈકમાનસૈઃ ॥૧૫૬॥

અર્થ : તેથી સાત્વિક માણસો જ અઢાર હજાર શીલાંગરથનું વહન કરવા સ્વરૂપ મોક્ષપ્રદ એવા ધર્મને સાધે છે. એ માટે લોકપ્રવાહની સામે તરવા તૈયાર હોય છે.

તતઃ સત્વમવષ્ટભ્યત્યક્ત્વા કુગ્રહિણાં ગ્રહમ્ ।
ક્રિયતાં ભોઃ સુધર્મસ્ય કરણોદ્યોઘમઃ સદા ॥૧૫૭॥

અર્થ : હે લોકો ! તેથી તમે સત્વનું આલંબન કરો. કદાગ્રહી લોકોના આગ્રહ (કદાગ્રહ) ભાવને ત્યાગો અને સદ્ધર્મના પાલન માટે સદા ઉદ્યમ કરો.

પાંચમો પ્રસ્તાવ

(શ્લોક : ૪૯)

કાયેન મનસા વાચા યત્કર્મ કુરુતે યદા ।
સાવધાનસ્તદા તત્વધર્માન્વેષી મુનિર્ભવેત્ ॥૧૫૮॥
ઈષ્ટાનિષ્ટેષુ ભાવેષુ સદા વ્યગ્રં મનો મુનિઃ ।
સમ્યક્ નિશ્ચયતત્વજ્ઞઃ સ્થિરીકુર્વીત સાત્વિકઃ ॥૧૫૯॥

અર્થ : વાસ્તવિક ધર્મને (જીવનમાં) પકડનારો મુનિ મન, વચન અને કાયાથી જે કાંઈ ક્રિયા કરે ત્યારે અત્યન્ત ઉપયોગવાળો (સાવધાન) રહે.

અશુભં વા શુભં વાપિ સ્વસ્વકર્મફલોદયમ્ ।
ભુઞ્જાનાનાં હિ જીવાનાં હર્તા કર્તા ન કશ્ચન ॥૧૬૦॥

અર્થ : પોતપોતાના કર્મોના ફલના ઉદયોને - પછી તે અશુભ હોઈને દુઃખ દેનારા હોય કે શુભ હોઈને સુખ દેનારા હોય તેમને - જીવ ભોગવતો હોય છે. આ સુખદુઃખનો કર્તા પોતે જ છે. અન્ય કોઈ

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

મૃતપ્રાયં યદા ચિત્તં મૃતપ્રાયં યદા વપુઃ ।
મૃતપ્રાયં યદાક્ષાણાં વૃન્દં પક્વં તથા સુખમ્ ॥૧૬૧॥

અર્થ : જયારે ચિત્ત મર્યા જેવું થઈ જાય. જયારે શરીર અને ઈન્દ્રિયોનું જૂથ મૃતપ્રાયઃ થઈ જાય ત્યારે જ સાચા (પરિપકવ) સુખનો અનુભવ થાય.

આજન્માજ્ઞાનચેષ્ટાઃ સ્વા નિન્દ્યાસ્તાઃ પ્રાકૃતૈરપિ ।
વિચિન્ત્ય મૂઢ! વૈદગ્ધ્યગર્વં કુર્વન્ન લજ્જસે ॥૧૬૨॥

અર્થ : હે મૂર્ખ ! સામાન્ય મનુષ્યો પણ નિન્દા કરે તેવી હલકી અજ્ઞાનગત ચેષ્ટાઓ - જન્મથી માંડીને આજ સુધીની - તેં કરી છે. જે તારા ખ્યાલમાં જ છે. તું તારી પંડિતાઈ દુનિયામાં દેખાડવા નીકળ્યો છે !

નિરુન્ધ્યચિત્તદુર્ધ્યાનં, નિરુન્ધ્યાદયતં વચઃ ।
નિરુન્ધ્યાત્ કાયચાપલ્યં તત્વતલ્લીનમાનસઃ ॥૧૬૩॥

અર્થ : તત્વમાં જેનું મન તલ્લીન થયું છે તે આત્માએ ચિત્તનું દુર્ધ્યાન, વચનનો અસંયમ અને કાયાની ચપળતાનો નિરોધ કરવો જોઈએ.

દિનાતિવાહિકાં કષ્ટાં દૃષ્ટ્વાં બન્ધાદિદુઃખિનામ્ ।
રુદ્ધમેકાન્તમૌનાભ્યાં તપંશ્ચિતં સ્થિરીકુરૂ ॥૧૬૪॥

અર્થ : કેદી વગેરે દુઃખી જીવો કેટલા બધા કષ્ટપૂર્વક દિવસો પસાર કરે છે ? હે જીવ ! તું પણ તપ કરવાપૂર્વક એકાન્તવાસ અને મૌનસેવનપૂર્વક તારા ચિત્તને સ્થિર કરવાનો પ્રયત્ન કર.

મુનિના મસૃણં શાન્તં, પ્રાજ્જલં મધુરં મૃદુ ।
વદતા તાપલેશોડપિ ત્યાજ્યઃ સ્વસ્ય પરસ્ય ચ ॥૧૬૫॥
કોમલાડપિ સુસામ્યાપિ વાણી ભવતિ કર્કશા ।
અપ્રાજ્જલાસ્ફુટાત્યર્થ વિદગ્ધા ચર્વિતાક્ષરા ॥૧૬૬॥

અર્થ : મુનિએ એવું કોમળ, શાન્ત, સરળ, મધુર અને સ્નિગ્ધ વચન બોલવું જોઈએ કે જેથી પોતાને કે પરને લેશ પણ સંકલેશ (અસમાધિ) ન થાય. તેની કોમળ અને સરસ વાત પણ કર્કશ તો ન જ હોવી જોઈએ. વળી અહંકારવાળી, અસ્પષ્ટ અને વારંવાર બોલાઈને કંટાળાજનક પણ તેની વાણી ન હોવી જોઈએ.

ઔચિત્યં યે વિજાનન્તિ સર્વકાર્યેષુ સિદ્ધિદમ્ ।
સર્વપ્રિયંકરા યે ચ તે નરા વિરલા જને ॥૧૬૭॥
ઔચિત્યં પરમો બન્ધુરૌચિત્યં પરમં સુખમ્ ।
ધર્માદિમૂલમૌચિત્યં ઔચિત્યં જનમાન્યતા ॥૧૬૮॥

અર્થ : સર્વ કાર્યોમાં સિદ્ધિ અપાવતા ઔચિત્ય ધર્મને જેઓ જાણે છે અને જેઓ સર્વનું પ્રિય કરે છે તેવા મનુષ્યો આ લોકમાં વિરલ હોય છે. ઔચિત્ય એ પરમ બંધુ છે. પરમ સુખ છે. ધર્માદિકનું મૂળ છે. લોકમાન્યતાનું પ્રબળ કારણ છે.

કર્મબન્ધદઢશ્લેષં સર્વસ્યાપ્રીતિકં સદા ।
ધર્માર્થિના ન કર્તવ્યં વીરેણ જટિની યથા ॥૧૬૯॥

અર્થ : અશુભ કર્મનો દઢ બંધ કરાવનાર, બીજાને અપ્રગતિ થાય તેવું કોઈ પણ કાર્ય નહિ કરવું. પરમાત્મા મહાવીરદેવે તાપસને જેમ અપ્રીતિ થવા દીધી ન હતી.

બીજભૂતં સુધર્મસ્ય સદાચારપ્રવર્તનમ્ ।
સદાચારં વિના સ્વૈરિણ્યુપવાસનિભો હિ સઃ॥૧૭૦॥

અર્થ : સદાચારમાં પ્રવૃત્તિ એ સદ્ધર્મનું બીજ છે. સદાચાર વિનાનો ધર્મ તે વ્યભિચારિણી સ્ત્રીના ઉપવાસ જેવો હાંસી પાત્ર છે.

મૂર્તો ધર્મઃ સદાચારઃ સદાચારોઽક્ષયો નિધિઃ ।
દૃઢં ધૈર્ય સદાચારઃ સદાચારઃ પરં યશઃ ॥૧૭૧॥

અર્થ : સદાચાર એ સાક્ષાત્ ધર્મ છે. તે અક્ષય ખજાનો છે. એ સ્થિ રહેનારું ધર્ય છે. એ શ્રેષ્ઠ યશ છે.

લોભમુન્મૂલયન્યમૂલાદપ્રમત્તો મુનિઃ સદા ।
ક્ષાયોપશમિકે ભાવે સ્થિતોઽનુત્સુકતાં વ્રજેત્ ॥૧૭૨॥

અર્થ : ક્ષાયોપરાયિક ભાવમાં રમતા અપ્રમત્ત મુનિએ લોભને મૂળમાંથી ઉખેડીને સદા ઉત્સુકતા છોડવી જોઈએ.

સંસારસરણિર્લોભો લોભઃ શિવપથાચલઃ ।
સર્વદુઃખખનિર્લોભો લોભો વ્યસનમંન્દિરમ્ ॥૧૭૩॥
શોકાદીનાં મહાકન્દો લોભઃ ક્રોધાનલાનિલઃ ।
માયાવલ્લિસુધાકુલ્યા માનમત્તેભવારૂણી ॥૧૭૪॥

અર્થ : લોભ એ સંસારનો માર્ગ છે. મોક્ષ માર્ગમાં આડો પડેલો પર્વત છે. સર્વ દુ:ખોની ખાણ છે. કષ્ટોનું મંદિર છે. શોકાદિદુ:ખોને પેદા કરતો મહાકન્દ છે. ક્રોધાગ્નિને પ્રજવલિત કરતો પવન છે. માયાવેલડીને વધારતી અમૃતની નીક છે. માનરૂપી મદોન્મત હાથીને પાગલ કરવા મદિરા સમાન છે.

ત્રિલોકયામપિ યે દોષાસ્તે સર્વે લોભસંભવાઃ ।
ગુણાસ્તથૈવ યે કેડપિ તે સર્વે લોભવર્જનાત્ ॥૧૭૫॥

અર્થ : ત્રણેય લોકમાં જે કોઈ દોષો છે તે બધા લોભ આસકિતથી પેદા થયેલા છે. તેમ જે કોઈ ગુણો છે તે બધા આસકિતના ત્યાગથી પેદા થયેલા છે.

નૈરપક્ષ્યાદનૌત્સુકયમનૌત્સુકયાચ્ચ સુસ્થતા ।
સુસ્થતા ચ પરાનન્દસ્તદપેક્ષાં ક્ષયેદ્ મુનિઃ ॥૧૭૬॥

અર્થ : કોઈપણ વસ્તુની અપેક્ષા છોડી દેવાથી ઉત્સુકતાનો (અધીરાઈ)નો નાશ થાય છે. ઉત્સુકતાનો નાશ થવાથી સ્વસ્થતા પ્રગટે છે. આ સ્વસ્થતા એ જ શ્રેષ્ઠ આત્માનંદ છે. માટે મુનિએ સહુ પ્રથમ

અપેક્ષાનો નાશ કરવો જોઈએ.

અધર્મો જિહ્મતા યાવદ્ ધર્મઃ સ્યાદ્યાવદાર્જવમ્ ।
અધર્મધર્મયોરદ્ દ્વયમાદિમકારણમ્ ॥૧૭૭॥

અર્થ : જયાં સુધી વકતા (કપટ) છે ત્યાં સુધી અધર્મ છે. જયાં સુધી સરળતા છે ત્યાં સુધી ધર્મ છે. અધર્મ અને ધર્મના આ બે મુખ્ય કારણો છે.

સુખંમાર્જવશીલત્વં સુખં નીચેશ્ચ વર્તનમ્ ।
સુખમિન્દ્રિયસંતોષઃ સુખં સર્વત્ર મૈત્ર્યકમ્ ॥૧૭૮॥

અર્થ : સરળ સ્વભાવ તે સુખ છે. નમ્ર વર્તન તે સુખ છે. ઈન્દ્રિયોના વિષયોમાં સંતોષ તે સુખ છે. સર્વત્ર મૈત્રીભાવ તે સુખ છે.

સન્તુષ્ટં, સરલં, સોમં, નમ્રં તં કૂરગડુકમ્,
ધ્યાયન્ મુનિં સદા ચિત્તે, કોન સ્યાચ્ચન્દ્રનિર્મલઃ ॥૧૭૯॥

અર્થ : સન્તુષ્ટ, સરલ, સૌમ્ય (કોઈ સાથે ઉગ્ર નહિ, સર્વત્ર સ્નેહી) તથા નમ્ર એવા કૂરગડુક મુનિનું સદા ચિત્તમાં ધ્યાન કરનાર કયો આત્મા ચન્દ્ર સમ નિર્મળ ન થાય ?

સુકુમારસુરુપેણ શાલિભદ્રેણ ભોગિના ।
તથા તમં તપો ધ્યાયન્ ન ભવેત્કસ્તપોરતઃ ॥૧૮૦॥

અર્થ : સુકુમાર, રૂપસંપન્ન, ભોગી એવા શાલિભદ્રે કેવું અપૂર્વ તપ કર્યું ? જો તેમનું ચિન્તન કરાય તો કયો ચિન્તક તપસ્વી ન બની જાય ?

કિંનચેતયસે મૂઢ ? મૃત્યુકાલેડપચુપસ્થિતે ।
વિષયેષુ મનોયત્તે, ધાવત્યેવ નિરઙ્કુશમ્ ॥૧૮૧॥
જીવિતે ગતશેષડપિ વિષયેચ્છાં વિયોજ્ય તે ।
ચેત્તપઃ પ્રગુણં ચેતસ્તતઃ કિન્ચિદ્ન હાસ્તિમ્ ॥૧૮૨॥

અર્થ : હે મૂઢ આત્મન ! તારો મૃત્યુકાળ નજીક આવી ગયો છે છતાં તું કેમ સમજતો નથી ? મને લાગે છે કે તારું મન (હજી પણ) વિષયો તરફ નિરંકુશપણે દોડી રહ્યું છે. જીવિત લગભગ પૂરું થવા આવ્યું છે છતાં જો તારું ચિત્ત વિષયેચ્છા ત્યાગીને તપ કરવા ઉલ્લસતું હોય તો હજી પણ કશું ખોટું નથી.

કૂટજન્માવતારં સ્વં પાપોચાર્યૈશ્ચ સંકુલમ્ ।
વ્યર્થનીત્વા બતાધાપિ ધર્મેચિત્તં સ્થિરીકુરુ ॥૧૮૩॥

અર્થ : ઓ જીવ ! કૂડ, કપટ અને પાપો કરીને આ જન્મને તે વ્યર્થ ગુમાવ્યો છે. પણ હજીય તું તારા મનને ધર્મમાં સ્થિર કર.

અનન્તાન્ પુદ્ગલાવર્તાન્નાત્મન્નકેન્દ્રિયાદિષુ ।
ભ્રાન્તોऽસિચ્છેદભેદાદિવેદનાભિરભિદ્રુતઃ ॥૧૮૪॥
સામ્પ્રતં તુ દૃઢીભૂય સર્વદુઃખદવાનલમ્ ।
વ્રતદુઃખં ક્વિયત્કાલં સહ મા મા વિષીદ ભોઃ ॥૧૮૫॥

અર્થ : હે આત્મન ! એકેન્દ્રિયાદિ યોનિઓમાં અનન્ત પુદ્ગલપરાવર્તો પર્યન્ત તું રખડયો છે. ત્યાં છેદન - ભેદન આદિ વેદનાઓ તે સહી છે. હવે મકકમ બનીને સર્વદુઃખોને બાળી દેવામાટે દાવાનળ જેવાં વ્રતોના કષ્ટને થોડાક કાળ માટે તું સહી લે. તેમાં વિષાદ ન કર.

ઉપદેશાદિના કિન્ચિત્ કથન્ચિત્ કાર્યતે પરઃ ।
સ્વાત્મા તુ સ્વહિતે યોક્તું મુનીન્દ્રૈરપિ દુષ્કરઃ ॥૧૮૬॥

અર્થ : બીજા જીવને ઉપદેશ દઈને કોઈપણ રીતે કાંઈક પણ ધર્મ હજી કરાવી શકાય; પણ પોતાની

જાતને હિતમાં કે અહિતથી છોડાવવી એ તો મહામુનિઓ માટે પણ મુશ્કેલ બનતું હોય છે.

યદા દુઃખં સુખત્વેન દુઃખત્વેન સુખં યદા ।
મુનિર્વેત્તિ તદાતસ્ય મોક્ષલક્ષ્મીઃ સ્વયંવરા ॥૧૮૭॥

અર્થ : જયારે મુનિને દુઃખમાં સુખ અનુભવાય અને સુખમાં દુઃખની અનુભૂતિ થાય ત્યારે તેણે જાણવું કે મોક્ષલક્ષ્મી સામેથી ચાલી આવીને તેના ગળામાં વરમાળા નાખી દેવાની છે.

સર્વ વાસનયા દુઃખં સુખં વા પરમાર્થતઃ ।
મ્લાયત્યસ્ત્રેક્ષણેઽપ્યેકો હતોઽપ્યન્યસ્તુ તુષ્યતિ ॥૧૮૮॥

અર્થ : પરમાર્થથી સુખ યા દુઃખ એ બધું મનની કલ્પનાથી છે કેમ કે એક વ્યકિત શસ્ત્રને જોતાં જ ગભરાય છે. જયારે બીજી વ્યકિત શસ્ત્રથી હણાવવા છતાં આનંદ પામે છે.

સુખમગ્નો યથા કોઽપિ લીનઃ પ્રેક્ષણકાદિષુ ।
ગતં કાલં ન જાનાતિ તથા યોગી પરેઽક્ષરે ॥૧૮૯॥

અર્થ : સુખમાં મગ્ન થયેલો કોઈ માણસ જેમ નાટક જોવામાં લીન બની જાય છે. અને ત્યારે સમય પસાર થઈ ગયો તે જણાતો નથી તેમ પરમાત્મામાં લીન થયેલા યોગીને કેટલો સમય પસાર થઈ ગયો તેની ખબર પડતી નથી.

મૃગમિત્રો યદા યોગી વનવાસસુખે રતઃ ।
તદા વિષયશર્મેચ્છા મૃગતૃષ્ણા વિલીયતે ॥૧૯૦॥

અર્થ : જયારે યોગી, પશુઓનો મિત્ર બની જાય છે ત્યારે તેને વનવાસમાં પણ આનંદ આવે છે. તે આનંદને લીધે તેની ભોગાનંદરૂપી મૃગતૃષ્ણા શાન્ત પડી જાય છે.

વને શાન્તઃ સુખાસીનો નિર્દ્વન્દ્વો નિષ્પરિગ્રહઃ ।
પ્રાપ્નોતિ યત્સુખં યોગી સાર્વભૌમોડપિ તત્કુતઃ ॥૧૯૧॥

અર્થ : શાન્ત, સુખી, દ્વન્દ્રમુકત, અપરિગ્રહી એવો યોગી જે આત્માનંદ પામે તે ચક્રવર્તીને પણ કયાંથી હોય ?

જન્માભૂત્વાત્ પુલિન્દાનાં વનવાસે યથા રતિઃ ।
તથા વિદિતત્વાનાં યદિ સ્યાત્ કિમતઃ પરમ્ ॥૧૯૨॥

અર્થ : જેમ ભીલ વગેરે લોકોને પોતાની જન્મભૂમિ હોવાના કારણે વનવાસમાં આનંદ મળે છે તેમ તત્વના જ્ઞાની યોગીને પણ જો વનવાસમાં આનંદ આવી જાય તો તેને બીજું જોઈએ પણ શું ?

એકો ગર્ભે સ્થિતો જાત એક એકો વિનક્ષ્યસિ ।
તથાપિ મૂઢ! પત્યાદીન્ કિં મમત્વેન પશ્યસિ ॥૧૯૩॥

અર્થ : તું એકલો જ ગર્ભે રહ્યો, એકલો જ જન્મ પામ્યો, એકલો જ મરીશ. હાય ! તો ય હે મૂર્ખ જીવ ! તું તારી પત્ની, બાળકો વગેરે ઉપર મમત્વ શી રીતે રાખે છે ?

પાપં કૃત્વા સ્વતો ભિન્નં કુટુમ્બં પોષિતં ત્વયા ।
દુઃખં સહિષ્યસે સ્વેન ભ્રાન્તોડસિ હા મહાન્તરે ॥૧૯૪॥

અર્થ : હે જીવ ! પાપો કરીને તે તારાથી ભિન્ન એવા કુટુંબને પોષ્યું. હવે તે પાપોના ફળરૂપદુઃખ તું જાતે સહીશ ! હાય ! કેવા મોટા ચક્રાવામાં તું ફસાયો છે ?

ચલં સર્વ ક્ષણાદ્ વસ્તુ દશ્યતેડય ન દશ્યતે ।
અજરામરવત્ પાપં, તથાપિ કુરૂષે કથમ્ ॥૧૯૫॥

અર્થ : દુનિયાની બધી વસ્તુ ચંચળ છે. જરાકમાં દેખાય ત્યાં વિલીન થઈ જાય. આમ છતાં તેને શાશ્વતી માનીને, તે માટે તું શા માટે પાપો કરે છે ?

સપ્તધાતુમયે શ્લેષ્મમૂત્રાધશુચિપૂરિતે ।
શરીરકેડપિ પાપાય કોડયં શૌચાગ્રહસ્તવ ॥૧૯૬॥

અર્થ : ઓ જીવ ! સાત ધાતુથી ભરેલા, લીંટ, કફ, મૂત્ર વગેરેથી ભરેલા શરીરને ચોખ્ખું રાખવાનો આગ્રહ તું શા માટે રાખે છે ?

શારીરમાનસૈર્દુંખેબંહુધાબહુદેહિનઃ ।
સંયોજય સામ્પ્રતં જીવ ! ભવિષ્યસિ કયં સ્વયમ્ ॥૧૯૭॥

અર્થ : હે મુર્ખ ! પ્રમાદને યશ પડેલો તું અત્યારે ધર્મ (ત્યાગ; તપ વગેરે) કરતો નથી તો પછી નરકમાં દુઃખથી ત્રાસી ગયેલા તને કાલે કોણ બચાવશે ?

ધર્મ ન કુરૂષે મૂર્ખ ! પ્રમાદસ્ય વશંવદઃ ।
કલ્યે હિ ત્રાસ્યતે કસ્ત્વાં, નરકે દુઃખવિહવલમ ॥૧૯૮॥

અર્થ : હે મૂર્ખ ! પ્રમાદને વશ પડેલો તું અત્યારે ધર્મ (ત્યાગ, તપ વગેરે) કરતો નથી તો પછી નરકમાં દુઃખથી ત્રાસી ગયેલા તને કાલે કોણ બચાવશે ?

કન્ધરાબદ્ધપાપાશ્મા ભવાબ્ધૌ યદ્યોગતઃ ।
ક્વ ધર્મરજ્જુસંપ્રાપ્તિઃ પુનરુમ્છલનાયતે ॥૧૯૯॥

અર્થ : જો તું ગળામાં પાપરૂપી પથ્થર બાંધીને ભવસાગરના તળિયે જતો રહીશ તો બહાર આવવા માટે તને ધર્મરૂપી દોરડું શી રીતે મળશે ?

દુઃખકુપેડત્ર સંસારે સુખલેશભ્રમોડપિ યઃ ।
સોડપિદુઃખસહસેણાનુંવિદ્ધોડતઃ કુતઃ સુખમ્ ॥૨૦૦॥

અર્થ : દુઃખના કુવા જેવા સંસારમાં સુખના લેશનો જે ભ્રમ થાય છે તે પણ હજારો દુઃખોથી વીંટાયેલ છે. તેથી સંસારમાં સુખ કયાંથી લાવવું ?

દુઃખિતાનાખિલાન્ જન્તૂન્ પશ્યતીહ યથા યથા ।
તથા તથા ભવસ્યાસ્ય વિશુદ્ધાત્મા વિરજયતિ ॥૨૦૧॥

અર્થ : વિશુદ્ધ આત્મા જેમ જેમ દુઃખી જીવોને જુએ છે તેમ તેમ આ સંસારથી તે વિરકત થતો જાય છે.

સંસારાવર્તનિર્મગ્નો ઘૂર્ણમાનો વિચેતનઃ ।
અધ એવ જનો યાતિ નિકટેડપિ તટે હહા ॥૨૦૨॥
તિર્યગ્ગોડયં યથા ચ્છિન્દન્ નદ્યાઃ સ્યાત્ પારગઃસુધીઃ।
ભવસ્યાપિ તથોત્સર્ગાપવાદકુશલો મુનિઃ ॥૨૦૩॥

અર્થ : ખેદની વાત છે કે સંસાર (નદી)ના ચકકરમાં ડૂબેલા પ્રાણી કિનારો પાસે હોવા છતાં પણ ગોથાં ખાતો બેભાન બનીને નીચે જ ચાલ્યો જાય છે. પરંતુ જેમ નદીમાં તિચ્છું ગમન કરતો અને નદીના પાણીને કાપતો પાસે કુશલ પુરૂષ નદીના પારને પામે છે. તેમ ઉત્સર્ગ અને અપવાદમાં કુશલ મુનિ પણ સંસારનો પાર પામે છે.

એભિઃ સર્વાત્માના ભાર્વેર્ભાવિતાત્મા શુભાશયઃ ।
કામાર્થવિમુખઃ શૂરઃ સુધર્મૈકરતિર્ભવેત્ ॥૨૦૪॥

અર્થ : સુંદર અન્તઃકરણવાળા વીરપુરૂષે આ ગ્રન્થમાં બતાવેલા ભાવોથી સંપૂર્ણ રીતે પોતાના આત્માને ભાવિત કરીને અને અર્થ તથા કામથી પરામુખ બનીને શુદ્ધ ધર્મમાં જ સંપૂર્ણ લીન બની જવું જોઈએ.

ઈતિ તત્વોપદશોધક્ષાલિતામલમાનસઃ ।
નિર્દ્વન્દ્વ ઉચિતાચારઃ સર્વસ્યાનન્દદાયકઃ ॥૨૦૫॥
સ્વસ્વરૂપસ્થિતઃ પીત્વા યોગી યોગરસાયનમ્ ।
નિઃશેષકલેશનિર્મુકતં પ્રાપ્નોતિપરમં પદમ્ ॥૨૦૬॥

અર્થ : આ પ્રમાણે તત્વોપદેશના સમુહથી સ્વચ્છ બનેલા મન, રાગાદિ દ્રન્દ્રથી રહિત, ઔચિત્યના સેવી, સર્વને આનંદદાતા, પોતાનારૂપમાં સ્થિત એવો યોગી યોગ-રસાયનનું પાન કરીને સર્વ કલેશોથી સર્વથા મુકત એવા મોક્ષને પામે છે.

ગુરુ સ્તુતિ

જ્ઞાની ધ્યાની યોગી મૌની સંયમી સમતાનિધિ
ભકિત રસમાં મગ્ન નિર્મળ તત્પદષ્ટા ગુણોનિધિ !
શાસન પ્રભાવક સંઘ વત્સલ પરમ પૂજય કૃપાનિધિ
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં. કરું વંદના હું ભાવથી !
- હરિ ગીત

તપ- તેજને વળી બ્રહ્મ તેજે, શોભતા સદ્‌ગુરૂવરા
શ્રી પદ્મ-જિત-હીર-કનકને, દેવેન્દ્ર સૂરિવરા હિતકરા
કંચન સમા ઉજવળ સદા, ભંડાર સદ્‌ગુણ વૃંદના
કલાપૂર્ણ સૂરિ ગુરૂ ચરણમાં, નત મસ્તકે હો વંદના
- હરિ ગીત

શ્રી વિજયકલાપૂર્ણસૂરી
સાધના સ્મૃતિ મંદિરની
પાવન પ્રતિષ્ઠા
શંખેશ્વર

મહાવદ ૬ રવિવાર
તા. ૧૯-૦૨-૨૦૦૬

Parshwa Computer Graphics - 92272 11797